# <u>પ્રેસ નોટ</u>

## <u>મોટર સાયકલની ચોરી તથા ચેનસ્નેચીંગ તથા છેતરપીંડી ના ગુન્હામા ઘણી વખત પકડાયેલ તેમજ  છેતરપીંડીના કેસમા નાસતો ફરતો તથા પાસા વોન્ટેડ ઇસમને તેના સાગરિત સાથે ચોરીની એકસેસ મો.સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ,</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નર શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતાં મિલકત સંબંધી ગુન્હાઓને શોધી કાઢવા સારૂ તથા અટકાવવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ. જે અનુસધાને સ્કોડનાં પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી આર.આઇ.જાડેજા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.એન.દેસાઇ તથા સ્ટાફ્નાં માણસો સાથે અમદાવાદ શહેરમાં પેટ્રોલીગમાં હતાં.  તે દરમ્યાન મળેલ બાતમી હકિકત આધારે, ઓઢવ વિરાટનગર ચાર રસ્તા પાસેથી આરોપીઓ  (૧) ભૌમીક @ અદા S/O ભુપેન્દ્રભાઇ જાતે ત્રિવેદી ઉ.વ.૨૯ રહે, ગામ;-વાચગામ પટેલવાસ તા. દસ્કોઇ જી. અમદાવાદ શહેર મુળગામ:- કરણનગર તા. કડી જી. મહેસાણા તથા નં.(૨) મનિષ ઉર્ફે મનીયો S/O ઘનશ્યામભાઇ જાતે સતાણી(પટેલ) ઉ.વ.૩૫ રહે, બી/૯, પ્રતિક ટેનામેન્ટ, શાક માર્કેટ પાસે, ઇન્ડિયા કોલોની, બાપુનગર, અમદાવાદ નાઓને તા.૨૫/૦૩/૨૦૧૬ ના રોજ પક્ડી અટક કરી તેની પાસેથી ચોરીની હોન્ડા એકસેસ મોટર સાયકલ નં. GJ-01-SL-9441ની કિ.રૂ.૪૦,૦૦૦/- સાથે મળી આવતા તપાસ અર્થે કબજે કરેલ છે.

આ કામે પકડાયેલ આરોપીઓ પુછપરછ કરતા આરોપી નં (૧) નાનો અગાઉ સને-૨૦૦૭ થી ગુન્હા ગુન્હા કરવાની ટેવવાળો છે.જેમા એલિસબ્રિજ, સેટેલાઇટ, વસ્ત્રાપુર, વેજલપુર, સાબરમતિ, ઘાટલોડિયા તથા ક્રાઇમબ્રાન્ચ, તથા ઓઢવ અને ચાંદખેડા પોલીસ સ્ટેશનોમા વ્હીકલ ચોરીના ગુન્હાઓમા પકડાયેલ છે.જે ગુન્હા આધારે સુરત, ભુજ,નવસારી, રાજકોટ અને જામનગર જેલમા પાસા હેઠળ અટકાયતમા લેવામા આવેલ છે. ત્યારબાદ પાસામાથી છુટ્યા બાદ પણ ગુન્હા કરવાનુ રાખતા ચાંદખેડા પોલીસ સ્ટેશનમા ચેનસ્નેચીંગના ગુન્હામા તથા વસ્ત્રાપુર, એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમા વહીકલ ચોરી તથા ચેન સ્નેચીંગ ના કેસો મા પકડાયેલ ત્યારબાદ પણ સને ૨૦૧૪ ની સાલમા ઘાટલોડીયા,સાબરમતી, સેટેલાઇટ પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હામા મા પકડાયેલ ત્યારબાદ સને ૨૦૧૫ ની સાલમા ચાંદખેડા પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીગના ગુન્હામા મા પકડાયેલ. જેથી તે આધારે ફરીથી પાસા હેઠળ અટ્કાયતમા લેવા પાસા હુકમ બહાર પાડવામા આવેલ પરંતુ તેને પાસા ભાગેડુ જાહેર કરવામા આવેલ પાસા હુક્મ ટાળવા નાસતો ફરતો હતો. જયારે ચાંદખેડા પોલીસ સ્ટેશનમા પાસા નો હુકમ થયેલાની પોતાને ખબર પડતા

ચારેક મહિનાથી વડોદરા શહેરમા ન્યાય મંદિર પાસે સમર્થ કોમ્પલેક્ષ મા સિંદ્રોડ ડેમ પાસે નાસ્તાની લારી કરેલ તેમજ વડોદરા મુજ મહુડા ગામમા ગ્રામિણ શૌચાલય બનાવવા ના કોન્ટ્રાકટ રાખેલ

જયારે આરોપી નં.ર નાનો સને ૨૦૦૯ ની સાલમા દર્શન પડ્યાના ખુન કેશમા પોતાના સાગરીત જીતુ કાકડીયા સાથે સોલા પોલીસ સ્ટેશનમા ખુન કેસમા પકડાયેલ છે.જે કેશ કોર્ટમા ચાલુ છે. સને ૨૦૧૪ મા નરોડા પોલીસ સ્ટેશનમા સેન્ટીંગના ચોરીના ફર્મા ખરીદવા ના કેસમા પકડાયેલ છે.ત્યારબાદ સને ૨૦૧૧ તથા ૨૦૧૨ ની સાલમા વસ્ત્રાપુર, એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમા વહીકલ ચોરીના કેસોમા પકડાયેલ. ત્યારબાદ સને ૨૦૧૫ ની સાલમા ચાંદખેડા પોલીસ સ્ટેશનના ચેઇન સ્નેચીગના ગુન્હામા મા પકડાયેલ. તે આધારે ભાવનગર જેલમા પાસા હેઠળ અટકાયતમા લેવામા આવેલ છે.

આજથી છએક મહિના પહેલા આરોપી ભૌમીક @ અદા મણિનગર ખાતે આવેલ કોફીસ્ટા કોફી શોપ ઉપર આવતા અને વેજલપુર રહેતો શ્વેતલ ઠક્કર નામના માણસ સાથે મારે મિત્રતા થયેલ અને આ શ્વેતલ ઠક્કર તથા તેના મિત્ર રાજેશ સોલંકી સાથે મળી ને જીતુ દુબે નામના માણસ ને તેના ચિટીંગ ના કેસ થયેલ હોય પોતાની પાસે સારી ઓળખાણો છે તેમ કહી આ શ્વેતલ ઉર્ફે પપ્પુ ઠક્કર નાનો જીતુ દુબેને એક આરણી બાપુ નામના સંત ને મળવા લઇ ગયેલ બાદ થોડા દિવસ પછી રાજેશ સોલંકી નો મિત્ર રાજુ ને આરણી બાપુના અનુયાયી બનાવી ને જીતુ દુબે પાસે મોકલી ને તેની પાસેથી કેસમા બચાવી લેવા ના રૂપિયા સાડાપાંચ લાખ પડાવી લીધેલ જે છેતરપીંડી કરેલ તે ગુન્હામા એલિસબ્રિજ પોલીસ સ્ટેશનમા નાસતો ફરતો હોવાનુ જણાવેલ

ત્યારબાદ તેના પાંચેક દિવસ પછી આરોપી ભૌમીક @ અદા નાએ અમદાવાદમા પાલડી ખાતે ભગવાન નગરના ટેકરા પાસે આવેલ એક એપાર્ટમેન્ટ માથી મોડી રાત્રિના એક સિલ્વર ગ્રે કલરનુ એકસેસ ગાડી જીજે.01.એસએલ.૯૪૪૧ નંબરની ચોરી કરેલ અને જે એકસેસ બાપુનગર ખાતે રહેતો પકડાયેલ આરોપી મનિષ ઉર્ફે મનીયો ને રાખવા અને વેચી દેવા માટે આપેલ પરંતુ તે વેચાયેલ નહી જેથી તેઓ બંન્ને વારાફરથી એકબીજા પાસે રાખતા હતા અને ઉપયોગ કરતા હતા.તે ગુન્હાની એકસેસ ગાડી કબ્જે કરી તપાસ તજવીજ કરવામા આવેલ છે. અને સદરી બંન્ને આરોપીઓને તથા મુદામાલ પાલડી પોલીસ સ્ટેશન નાઓને સોપવા તજ્વીજ કરવામાં આવેલ છે.